માનવ તસ્કરી અને શોષણ અંગેની માહિતી આપતી માગર્દશિર્કા

# માટે સંભાળ રાખનારાઓ

## ખાસ વિચારણાઓ

### હેરાફેરી કરનારાઓ કોઇ એક જ ચોક્કસ માળખામાં બંધ બેસતા નથી.

- હેરાફેરી કરનારાઓ મોટેભાગે એવી વ્યક્તિઓ હોય છે જેને બાળક ઓળખતું હોય છે.
- હેરાફેરી કરનારાઓ મોટે ભાગે ભોજન, રૂપિયા, વસ્તર્ કે આશરા જેવી વસ્તુઓનું વચન આપીને બાળક અને યુવા વગર્ને લક્ષ્ય બનાવે છે.
- હેરાફેરી કરનારાઓ લાઇબ્રેરીઓ, મોલ્સ, ઉદ્યાનો કે શાળાઓ જેવા જાહેર સ્થાનોમાં વ્યક્તિઓની ભરતી કરી શકે કે તેમનાં મિતર્ બની શકે છે.
- હેરાફેરી કરનારાઓ મોટે ભાગે વ્યક્તિઓનો સોસીયલ મીડિયા દ્વારા ઓનલાઇન કે ફોનની એપ્લીકેશન દ્વારા ઓનલાઈન સંપકર્ કરી શકે છે.
- હેરાફેરી કરનારાઓ દરેક વસ્તુ સાથે ધરાવતા હોવાનું, એવી રીતે કામ કરતા હોવાનું કે જાણે તેમની પાસે તમામ જવાબો હોવાનું જણાય છે. તેઓ જેમને ઝડપથી જાણી શકાય તેવી એક સરળ વ્યક્તિ હોય છે.

### સંભવિત હેરાફેરી કે શોષણ અંગે એક બાળક સાથે વાત કરવી

- બાળક ઘણું કરીને શોષણ કે હેરાફેરી તરીકેની તેમની સ્થિતિને ઓળખશે નહીં. જે બની રહ્યું છે તેના વિષે તેઓ કઇક કહેતા હોય તો પણ, તેઓ તેમની જાતને એક ભોગ બનનાર તરીકે જોતા ના હોય તેવું બની શકે છે.
- નિણર્ય લેનારા બનશો નહીં અને જો તેમના શોષણ કે હેરાફેરીની સ્થિતિ (અથવા કોઈપણ અન્ય કરુણ ઘટના) અંગે તેઓ મુખ ખોલે તો બાળકને શરમમાં મૂકવાનું ટાળો.
- શરીરની ભાષા મહત્વની છે. તમે તેમને ચુપ કરી રહ્યા નથી તેની ખાતરી કરવા માટે તમારા પોતાના શરીરની અને બાળકની ભાષા પર્ત્યે ધ્યાન આપો.
- જો બાળક વાતચીત દરમિયાન પાછળ હટવાનું કે વાત બંધ કરવાનું શરુ કરે તો, સમસ્યાને ધકેલશો નહીં અને તેમને જણાવી દો કે જ્યારે તેઓ તૈયાર હોય ત્યારે તમારી વાત કરી શકે છે.
- તેઓ જાતીય હુમલાના વકીલ, ઉપચાર શાસ્તર્ી કે કોઈપણ અન્ય વ્યક્તિ કે જેને તેઓ સહાયક વ્યક્તિ તરીકે ઓળખે છે તેની સાથે વાત કરવાનું પસંદ કરશે કે કેમ તે અંગે બાળકને પૂછો.
- જો બાળક એક જોખમી સ્થિતિમાં હોય તો, તમારે મંજૂરી વિના પહોંચી જવાનું જરૂરી બની શકે છે, પરંતુ પર્કિર્યામાં તેમને જોડીને વિશ્વાસનું નિમાર્ણ કરવાની તક તરીકે આનો ઉપયોગ કરો.

### શોષિત કે હેરાફેરી કરાયેલ બાળકો માટેની સંભાળ

- દરેક બાળક અલગ જરૂરીયાતો અને સબળાઇઓ ધરાવે છે.
- કઇ સેવાઓ તેઓ મદદરૂપ અને સહાયક હોવાનું અનુભવી શકે છે તેના વિશે બાળક સાથે વાત કરો.
- યાદ રાખો કે હાલની હેરાફેરી કે શોષણની પરિસ્થિતિઓ બાળકો માટેની એક મુશ્કેલ પર્કિર્યા બની શકે છે અને અનેક પર્યાસો લઇ શકે છે.
- એક બાળકની ગુપ્તતાનું રક્ષણ કરો. આ કથા તેમની સાથે જોડાયેલી છે. જોડાયેલા તમામની સલામતી માટે, જ્યાં પણ શક્ય હોય ત્યાં બાળકની માહિતીની ગોપનીયતાનું રક્ષણ કરવું મહત્વનું છે.

## બીજા પગલાઓ

- **જો તત્કાલ જોખમમાં હોય તો:** 911 ઉપર કોલ કરો
- **બાળકની** રક્ષા **કે કાયદાના અમલ સંબંધિત એક અહેવાલ બનાવો**. મીનેસોટાનાં કાયદા મુજબ જો નિદેર્શિત રીપોટર્ કરનારાઓ (દા.ત. પાલક માતા પિતાઓ) જો તેઓ પાસે એવું માનવાનું કારણ હોય કે એક બાળક અથવા યુવાન ઉપર અત્યાચાર કરવામાં આવી રહ્યો છે અથવા તેની અવગણના કરવામાં આવી રહી છે અથવા તે બાબત છેલ્લા ત્રણ વષોર્ની અંદર થયેલ છે તો તેમણે તે અંગેનો રીપોટર્ કરવો જરૂરી છે. એક બાળકની જાતીય બાબત માટેની હેરાફેરી, ભલે ગમે તે આરોપિત અપરાધી હોય તેની પરવાહ કયાર્ વિના, તે એક નિદેર્શિત બાળ રક્ષાનો અહેવાલ છે. માતાપિતાઓ કે સંભાળ રાખનારાઓ કે જેઓ નિદેર્શિત રીપોટર્ કરનારાઓ નથી તેઓ છતાં પણ તમારા બાળક માટે મદદ માંગવા માટે સ્થાનિક બાળ કલ્યાણ સંસ્થાને જાણ કરી શકે છે.
- **તમારા સેફ હાબર્ર પ્રાદેશિક નેવિગેટર સાથે વાત કરો.** જો તમને શંકા જાય કે તમારું બાળક હેરાફેરી કે શોષણ સંબંધિત ભય ધરાવે છે તો, તમે તમારા સેફ હાબર્ર પ્રાદેશિક નેવિગેટરનો મદદ અને સંશાધનો સાથે જોડાણ માટે સંપકર્ કરી શકો છો. સેફ હાબર્રનાં રાજ્ય મુજબ પ્રાદેશિક નેવિગેટરો માટે સેફ હાબર્ર સવિર્સીસ મેપ સંપકર્ની માહિતી અને સેવાનો વિસ્તાર દશાર્વે છે.
- **બાળકની સુરક્ષા કરવા માટે એક આયોજન બનાવો.** સુરક્ષા આયોજન બનાવવા માટે બાળક સાથે વાત કરો. આ કામ પ્રાદેશિક નેવિગેટર, એક સેફ હાબર્ર પ્રોવાઈડર કે અન્ય વ્યાવસાયિક કે જે બાળક સાથે કામ કરી રહ્યા હોય તેમની મદદ વડે કરી શકાય છે. સુરક્ષા આયોજનના વિચારો અને વાસ્તવિક કાયર્ પગલાઓમાં ઝડપ લાવવામાં મદદ કરવા માટે જુદી જુદી રૂપરેખાઓ મારફત બાળક સાથે વાત કરો. ઉપરાંતમાં, કોણ ભરોસાલાયક વડીલો અને સાથીઓ છે કે જેમની સાથે તેઓ વાત કરી શકે છે તેના વિષે બાળક સાથે વાત કરો. એ બાબતને જાણો કે સુરક્ષા આયોજન એ જુસ્સો આપનારી ઘટના બની શકે છે.

## સંશાધનો

- માનવ સવિર્સીસ સેફ હાબર્રનો મીનેસોટા વિભાગ (https://mn.gov/dhs/partners-and-providers/program-overviews/child-protection-foster-care-adoption/safe-harbor/)
- માતા પિતા અને તરુણ માટેના સંદેશા કે વાતચીત માટેનું સેન્ટર (https://parentandteen.com/)
- માનવ તસ્કરી સંબંધિત માતાપિતાની માગર્દશિર્કા (Polly Klaas Foundation) (http://www.pollyklaas.org/safe/a-parents-guide-to-human-trafficking.pdf)
- ગુમ થયેલા અને શોષિત બાળકો નેટ સ્માટર્ઝ માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર (https://www.missingkids.org/netsmartz/)
- વહેંચેલી આશા : તમારા બાળકો અને ટેકનોલોજી, માતાપિતાની સુરક્ષા માગર્દશિર્કા (https://sharedhope.org/wp-content/uploads/2018/11/Designed-Internet-Safety-e-book.pdf)
- Love 146: ઈન્ટરનેટ સલામતીની માગર્દશિર્કા (https://love146.org/action/online-safety/internet-safety-guide/)
- માનવ સેવાઓ અને MNAdoptનાં મિનેસોટા વિભાગ દ્વારા ની:શુલ્ક વેબિનાર : માનવ તસ્કરી અને જાતિય શોષણ : પાલક અને દતક લેનારા પરિવારો માટે પાયાની બાબતો (https://www.mnadopt.org/product/1187-webinar-human-trafficking-and-sexual-exploitation-basics-for-foster-and-adoptive-families/).
- ભોગ બનનારના વિસ્તારમાં નિ:શુલ્ક કાનૂની મદદ માટે નિ:શુલ્ક કાનૂની સંશાધનો અને સચર્ એન્જીન : LawHelpMN.org પૂરી પાડનારાઓ અને ક્લીનીકો (https://www.lawhelpmn.org/providers-and-clinics)
- રાષ્ટ્રીય માનવ તસ્કરી હોટલાઈન સુરક્ષા આયોજન (www.humantraffickinghotline.org/faqs/safety-planning-information)

આ માગર્દશિર્કા ન્યાયિક કાયર્કર્મોની કચેરી, અમેરિકાનો ન્યાયિક વિભાગ ગુનાનો શિકાર બનનાર માટેની કચેરી દ્વારા અપાયેલ, 2016-MU-MU-K153 હેઠળ આરોગ્યના મીનેસોટા વિભાગ દ્વારા રજૂ કરવામાં આવી હતી. આ માગર્દશિર્કામાં વ્યક્ત કરવામાં આવેલા અભિપ્રાયો કે ભલામણો યોગદાન આપનારાઓના છે અને ન્યાય માટેના અમેરિકાના વિભાગની કચેરીની સ્થિતિ કે નીતિઓને અનિવાર્યપણે રજૂ કરતા નથી.

SAFE HARBOR

DEPARTMENT OF HEALTH